ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/ ૬
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૨૭/૦૭/૨૦૨૩

// પરિપત્ર //

**વિષયઃ-** **નિગમની જુદી-જુદી ઔદ્યોગિક વસાહતો/ઝોનને "સેચ્યુરેટેડ" તરીકે વર્ગીકૃત કરવા બાબત.**

**સંદર્ભઃ-** (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/સીઆઇઆર/એકાઉન્ટસ/કોસ્ટ/૧૫/૨૦૦૦, તા.૧૧/૧૨/૨૦૦૪.

(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૬, તા.૧૯/૧૦/૨૦૦૬.

(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૪, તા.૦૧/૦૨/૨૦૧૬.

(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૬, તા.૧૨/૧૦/૨૦૨૨.

(૫) નિગમના નિયામક મંડળની ૫૧૮મી સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૨/પ્રિ-વિતરણ/૫૧૮, તા.૧૬/૦૫/૨૦૨૩.

નિગમની સ્થાપના થયા બાદ રાજયના વિવિધ જિલ્લાઓમાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપના સમયાંતરે કરવામાં આવે છે. આ વસાહતોમાં નિગમની તત્કાલિન નીતિઓ અનુસાર જમીનની માંગણીઓ અન્વયે ફાળવણી કરવામાં આવી હતી અને આ રીતે નિગમની અમુક વસાહતો એવી બની હતી કે જેમાં ૯૦% કે તેથી વધારે ઔદ્યોગિક પ્લોટોની ફાળવણી થઇ ગયેલ હોઇ તેને "સેચ્યુરેટેડ" તરીકે જાહેર કરવી અનિવાર્ય થયેલ હતી.

સંદર્ભ-૨,૩ અને ૪ થી નિગમની કુલ-૧૬૨ ઔદ્યોગિક વસાહતોને "સેચ્યુરેટેડ" વસાહતો તરીકે જાહેર કરવામાં આવેલ છે.

કોવિડ-૧૯ બાદ ભારત સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત અંતર્ગત સ્થાનિક ઉદ્યોગકારોને સ્વાવલંબી બનવા તરફ આપવામાં આવેલ પ્રોત્સાહનના ભાગરૂપે કેમિકલ પ્રકારના ઉદ્યોગો માટે જમીનની માંગણીમાં દિન-પ્રતિદિન વધારો થયેલ છે. જેના અનુસંધાને દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહતોમાં કેમિકલ પ્રકારના ઉદ્યોગો સ્થાપવા અર્થે ઉપલબ્ધ પ્લોટોની સાપેક્ષમાં માંગમાં વધારો થયેલ છે. જેને ધ્યાનમાં લઇ, દહેજ અને સાયખા વસાહત ખાતે કેમિકલ ઉદ્યોગો માટેના કેમિકલ ઝોનને પૂર્ણ વિકસિત ઝોન જાહેર કરવા બાબતેની દરખાસ્ત કરવામાં આવેલ.

તાજેતરમાં મળેલ નિગમની ૫૧૮મી નિયામક મંડળની સભામાં નિગમના અમુક ઝોનને "સેચ્યુરેટેડ" તરીકે વર્ગીકૃત કરવા અંગે કાર્યસૂચિ પુખ્ત વિચારણાના અંતે ઠરાવ જારી કરેલ છે તે અનુસાર દહેજ-૧,૨ અને ૩ ના કેમિકલ ઝોન તથા સાયખા-૧(એ)ના કેમિકલ ઝોન તથા સાયખા-૨(બી)ના અરગામા કેમિકલ ઝોનને "સેચ્યુરેટેડ" તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

દેહજ-૧,૨ અને ૩ ના કેમિકલ ઝોન તથા સાયખા-૧(એ)ના કેમિકલ ઝોન તથા સાયખા-૨(બી)ના અરગામા કેમિકલ ઝોનને "સેચ્યુરેટેડ" તરીકે જાહેર કરવામાં આવે છે. જેમાં નીચે મુજબની શરતો ફાળવણીમાં લાગુ કરવાની રહેશે.

(૧) હરાજી સમયે કેમિકલ હેતુ માટે ફાળવણી કરવામાં આવનાર ઔદ્યોગિક પ્લોટોની તળિયાની કિંમત પ્રવર્તમાન ઔદ્યોગિક દર + ૨૦% વધારાની રકમ મળી થનાર કુલ રકમ કરતા ઓછી નક્કી કરવાની રહેશે નહીં.

(૨) ફાળવણી કરેલ પ્લોટનો વપરાશ કર્યા બાદ જ તબદીલ કરી શકાશે.

જાહેર થયેલ પૂર્ણ વિકસીત ઝોનમાં પ્લોટની ફાળવણી, અગાઉ જાહેર થયેલ પૂર્ણ વિકસીત વસાહતોમાં લાગુ પડતા નીતિ-નિયમ મુજબ કરવાની રહેશે તેમજ આવી વસાહતો/ઝોનમાં પ્લોટ/શેડ મેળવવા માટેની તમામ પડતર અરજીઓ પરિપત્ર જારી થયા તારીખથી બંધ કરવાની રહેશે.

પૂર્ણ વિકસીત વસાહતો/ઝોનમાં પ્લોટ/શેડ ફાળવણી અંગેની નવી ઓનલાઇન અરજીઓ સ્વીકારવાની રહેશે નહીં તેમજ આ વર્ગીકરણ મુજબ પૂર્ણ વિકસીત ઔદ્યોગિક વસાહતો/ઝોનમાં ઔદ્યોગિક પ્લોટ/શેડનું વિતરણ માત્ર જાહેર હરાજી દ્વારા અથવા લગત પ્લોટ તરીકે કરવાનું રહેશે.

નિગમના તમામ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવાનો રહેશે.

સહી/-

(ડૉ. રાહુલ ગુપ્તા)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રી તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાના:-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)

જીઆઇડીસી, ગાંધીનગર